GJAR020006172026

**ક્રિમીનલ ઈન્કવાયરી કેસ**
**નંબર:૬૯/૨૦૨૬**

**::આંક–૧ લગત હુકમ::**

ફરિયાદીની ફરિયાદ, સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. ફરિયાદીનું સોગંદઉપરનું વેરીફીકેશન વંચાણે લીધુ. હાલના કામના આરોપી અત્રેની કોર્ટની સત્તા બહારના રહેવાસી હોય હાલની ફરિયાદ ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવેલ હતો. જે બાબતે આજરોજ ઈન્કવાયરીના ભાગરૂપે રજૂ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા.

અત્રેની કોર્ટ દ્વારા મોડાસા ખાતે અગાઉ ચાલતી પ્રેકટીસ મુજબ ઈન્કવાયરીના કામે ફરિયાદી પાસેથી જયુરિડિકશન બાબતે સોગંદનામું રજૂ રાખવાનો આગ્રહ રાખવામાં આવતો હતો, પરંતુ સદરહું બાબત ફરિયાદીના વેરીફીકેશનના સોગંદનામા અને ફરિયાદના આધારે નકકી થઈ જતું હોય જેથી હવે પછી જયુરિડિકશન બાબતે કોઈ ઈન્કવાયરી કરવાની જરૂર જણાતી નથી.

આ કામે હાલની ફરિયાદ દાખલ થતા પહેલા ફરિયાદી દ્વારા આરોપીને નોટીસની બજવણી પણ કરવામાં આવેલ હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૨૩માં જણાવ્યા મુજબ આરોપીને સાંભળવાની તક આપવાની, નેગો. ઈન્સ્ટ્રુ. એકટ, ૧૮૮૧ અન્વયે દાખલ થતા ફરિયાદમાં સદરહું કાયદો સ્પેશ્યલ કાયદો હોવાથી લાગુ પાડી શકાય નહી અને આરોપીને પોતાનો જવાબ રજૂ કરવાની તક પહેલા મળેલ હોય, વધુ કોઈ તક આપવાની જરૂર જણાતી ન હોય અને હાલની ફરિયાદ અને તેની સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા અને હાલનું વેરીફીકેશનનુ સોગંદનામું જોતા હાલના કામના આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ–૧૩૮ મુજબનો ગુન્હો બનતો હોવાનુ પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ આવતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**<u>હુકમ</u>**

(૧) હાલની ઇન્કવાયરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલની ફરિયાદ ક્રિમીનલ કેસ રજીસ્ટરે નોંધવાનો તથા આરોપી:- **દેસાઇ અભ્યુદયભાઇ વિક્રમભાઇ,** રહે.જામઠા, તા. ધનસુરા, જિ.અરવલ્લીનાઓની વિરુધ્ધ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ-૧૩૮ મુજબના ગુન્હા સબબ મુદત તા......../....../૨૦૨૬ના રોજ બજીને આવે તે રીતનો સમન્સ ઇસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૧મી, માહે:ઓગષ્ટ, સને:૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ: મોડાસા.
તા.:૦૧/૦૮/૨૦૨૬
એસ.જે.રાઠોડ(પી.એ.)

(પુષ્પેન્દ્રસિંહ રાઠૌડ)
ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,મોડાસા.
કોડ નં.: જી.જે. ૦૧૧૩૪